# એક મુલાકાત

---

### કોઈ પન રાજ્યનું વડું મથક કયા નામે ઓળખાય છે ?

A. ગાંધીનગર
B. પાટનગર
C. રાજ્યનું હ્રદય
D. હરિયાળું નગર

B.પાટનગર

### ગાંધીનગરની સ્થાપના કયા નેતાની સ્મૃતિમાં કરવામાં આવી છે ?

A. સરદાર પટેલ
B. ઇન્દિરા ગાંધી
C. રાજીવ ગાંધી
D. મહાત્મા ગાંધી

D.મહાત્મા ગાંધી

### ગાંધીનગર કુલ કેટલા સેક્ટરમાં વહેંચાયેલું છે ?

A. 25
B. 28
C. 30
D. 35

C.30

## ગાંધીનગરને 'ગ્રીન સિટી' તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

ગાંધીનગરના કુલ 30 સેકટરમાં માર્ગો વિભાજિત થયેલા છે. ત્યાં ઠેરઠેર નાનાં-મોટાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં છે. દરેક માર્ગ વિવિધ પ્રકાઅરનાં ફુલ-છોડથી રળિયામણાં લાગે છે. આથી વૃક્ષોઅને ફુલોથી હરિયાળા અને સુંદર લાગતાં ગાંધીનગરને 'ગ્રીન સિટી' તરીકે ઓળખવામાં આવે છે.

## ગાંધીનગરના માર્ગો શી વિશેષતા ધરાવે છે ?

ગાંધીનગરના રસ્તા પહોળા અને સ્વચ્છ છે. આ શહેર કુલ 30 સેકટરમાં વિભાજિત થયેલું છે. આમાં 'ક'થી 'જ' સુધી કક્કાવારી પ્રમાણે સાત આદા મુખ્ય માર્ગો અને 0-1-2-3 એ એકાં પ્રમાણે ઊભા કુલ 8 માર્ગો છે. ચારે બાજુ વૃક્ષો ગાંધીનગરની શોભા વધારી રહ્યાં છે. પ્રાકૃતિક સૌંદર્યથી શોભતું ગાંધીનગર 'ગ્રીન સિતી' તરીકે ળખાય છે.

## વિધાનસભાગૃહ ક્યાં આવેલું છે ?

વિધાનસભાગૃહ ગાંધીનગરમાં આવેલું છે.

## વિધાનસભાગૃહને કોનું નામ આપવામાં આવ્યું છે ?

વિધાનસભાગૃહને વિઠ્ઠલભાઇ પટેલ ભવન નામ આપવામાં આવેલ છે.

## વિધાનસભાગૃહ ક્યાં આવેલું છે ?

વિધાનસભાગૃહ ગાંધીનગરમાં આવેલું છે.

## વિધાનસભાગૃહને કોનું નામ આપવામાં આવ્યું છે ?

વિધાનસભાગૃહને વિઠ્ઠલભાઇ પટેલ ભવન નામ આપવામાં આવેલ છે.

## વિધાનસભાને ધારાસભા તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

કાયદાઘડવાનું કામ વિધાનસભામાં થાય છે તેથી વિધાનસભાને ધારાસભા તરીકે ઓળખવામાં આવે છે

## વિધાનસભાગૃહમાં પ્રવેશવા પરવાનગી શા માટે જરૂરી છે ?

કોઈ પણ અજાણી વ્યક્તિ વિધાનસભાગૃહમાં પ્રવેશી સભાગૃહને નુકશાન ન પહોંચાડે, વિધાનસભાના કામમાં દખલ ન પહોંચાડે અને ગૃહમાં શાંતિ જળવાઇ રહે એ માટે વિધાનસભાગૃહમાં પ્રવેશવા માતે પરવાનગી લેવાનું જરૂરી છે.

## જો તમે ધારાસભ્ય હોય તો તમે વિકાસ માટે કેવી પ્રવૃત્તિઓ કરશો ?

જોહું ધારાસભ્ય હોત તો મને સરકાર તરફથી મળેલ ફંડનો મારા વિસ્તારના વિકાસ માટે સંપૂર્ણ ઉપયોગ કરત. મારા વિસ્તારમાં બાગ-બગીચા તૈયાર કરાવત. પ્રજાને પૂરતું પાણી તથા વીજળી મળી રહે તેની વ્યવસ્થા કરાવત. પ્રજાની ફરિયાદો સાંભળી તેને દૂર કરવાના પૂરતા પ્રયાસ કરત.

## એક નાગરિક તરીકે તમને રાજ્યની કઈ બાબતો સારી લાગે છે ?

એક નાગરિક તરીકે મને રાજ્યના પહોળા રસ્તા, શિક્ષણની સુવિધા, પીવાના પાણીની વ્યવસ્થા, સારાં મકાનો, રોજગારીની સવલતો, વાહન પાર્કિંગની વ્યવસ્થા જેવી અનેક બાબતો સારી લાગે છે.

## તમારા ગાઅમને હરિયાળું બનાવવા શું-શું કરી શકાય ?

અમારા ગામને હરિયાળું બનાવવા આટલાં નીચેના કામો કરી શકાય :

જાહેર રસ્તા પર ઠેર-ઠેર વૃક્ષો ઉગાડવાં.

દરેક સોસાયટીના પ્રાંગણમાં વૃક્ષો ઉગાડવાં, દરેક સભ્યે પોતાના ઘરની ગૅલેરીમાં જુદા જુદા છોદનાં કુંડાં મૂકવાં.

ગ્રામપંચાયત દ્વારા હરિયાળાં મેદાન તૈયાર કરાવવાં.

શાલા અને કૉલેજના પટાંગણમાં વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કરવું.

ગામમાં એવા બાગ-બગીચા તૈયાર કરાવવા, જ્યાં ખળખળ વહેતાં ઝરણાં હોય, તળાવ હોય અને તમાં રંગબેરંગી ફુલોનાઅ છોદ અને પુષ્કળ વૃક્ષો હોય.

## તમે લીધેલા કોઈ એક ઐતિહાસિક સ્થળની મુલાકાત વિશે લખો.

દિવાળીની રજાઓમાં આબુના પ્રવાસે અમે ગયા હતા. રાજ સ્થાનમાં આવેલ માઉન્ટ આબુ એક હવાખાવાનું સ્થળ છે. અમે પહેલે દિવસે ત્યાંના ગૌમુખ, સનસેટ, પૉઇન્ટ, નખી તળાવ વગેરે સ્થળોની મુલાકાત લીધી. અમે ત્યાંનું પ્રકૃતિસૌંદર્ય મનભરીને માણ્યું.

બીજે દિવસે ગુરુશિખરની ઉંચાઇથી ચારે બાજુનાં કુદરતી દ્રશ્યો જોવાનો લહાવો લીધો. એ પછી અદ્બરદેવીનાં દર્શન કર્યાં. બપોરે ભોજન કર્યા બાદ સાંજે ચાર વાગે અમે માઉન્ટ આબુના ઐતિહાસિક સ્થળ દેલવાડાનાં દહેરાની મુલાકાત લીધી.

દેલવાડાની શિલ્પકલાનું સૌંદર્ય જોઈને અમે આભા બની ગયા. એક રાજાના બે મંત્રી વસ્તુપાળ અને તીજપાળને ધરતી ખોદતાં મળેલા ધનના ચરુનો ઉપયોગ આબુ પર્વત ઉપર સુંદર દેરાસર બનાવવા માટે કાર્યો. તે શિલ્પકળાની દ્રષ્ટિએ અનુપમ છે.

ત્રીજે દિવસે અમે ભર્તુંહરિની ગુફા અને કુંભારણનના મહેલનાં ખંડિયેરો જેવાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી.

## તમારા વિસ્તારમાં આવેલ જોવાલાયક સ્થળની મુલાકાત લઈ અહેવાલ લખો.

ધુઘવતા દરિયાકિનારે સોમનાથ મહાદેવનું ભવ્ય અને કલાત્મક મંદિર આવેલું છે. તેના પટાંગણમાં ભારતના શિલ્પી સરદાર પટેલનું પૂતળું છે. તેથી ચારે તરફ સુંદર બગીચો છે. મંદિરની બહારની

અને અંદરની કોતરણી ઉદીને આંખે વળગે તેવી છે. ભારતનાં બાર જ્યોતિર્લિંગમાં સોમનાથની ગણના થાય છે.

સાંજનો આરતીનો સમય હતો. બીલીપત્ર તથા પુષ્પોથી શિવલિંગ સજાવેલું હતું. મંદિરમાં દર્શનાર્થીઓની ભીડ હતી. ઝાલર અને ઘંટનાદથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. તે પછી પંદરથી વીસ મિનિટનો સ્લાઇડ શૉ પણ દેખાડવામાં આવ્યો. બીજે દિવસે અમે ગીતામંદિરની મુલાકાત લીધી. એ મંદિરની દીવાલો પર ગીતાના શ્લોકો લખેલા છે. અહીં રાધાકૃષ્ણની ભવ્ય અને નમણી મૂર્તિઓ છે. ત્યાંન ત્રિવેણી સંગમમાં અમે સ્નાન કર્યું. આ પવિત્ર તીર્થસ્થાનમાં અમને તાજગી અને દિવ્ય શાંતિનો અનુભવ થયો.

# શબ્દ સમૂહ માટે એક શબ્દ

## રાજ્યના કાયદા ઘડનારી સભા

- વિધાનસભા, ધારાસભા

.